PG CI પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CI

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૮/કવા–૦૩/૧૭–૧૮/ 291 તા. 08-01-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
એરોન સીરામીકસ,
૮–અ નેશનલ હાઈવે,
ટોલ પ્લાઝા ની નજીક,
વઘાશીયા,
તા. વાકાનેર
**Email: arronceramics@gmail.com**

વિષય :–એચ.ટી. બીલીગ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૪–૧૧–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૮/કવા–૦૩/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વાકાનેર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૩૮/કવા–૦૩/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૦૫–૧૨–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: એરોન સીરામીકસ, ગામ: મોરબી

રજુઆત કરનાર: અરજદાર શ્રી અરવિંદભાઈ કેશવજીભાઈ મેતલીયા હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : – કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વાકાનેર

રજુઆત કરનાર :બી.ડી.ઝાલાવડીયા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી વાકાનેર)

## : હુકમ :

ફરીયાદ : એચ.ટી. બીલીંગ બાબત

મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ એરોન સીરામીકસ નામનુ એચ.ટી. જોડાણ : ૨૬૮૬૦, ૪૭૫ કેવીએથી ધરાવે છે. તેઓનુ સદર જોડાણ તા.૦૫–૦૫–૧૦ ના રોજ થી રીલીઝ થયેલ છે. જીઈઆરસી ના નોટીફિકેશન મુજબ – પરવાનેદાર ૩૦ મીટર સુધીનો લાઈનચાર્જ લઈ શકતા નથી. તેમ છતા – તેઓના એચ.ટી.ફાઈનલ બીલ માં ૩૦ મીટર સર્વિસ લાઈન અને બીજા દર્શાવેલા ખર્ચ જેમકે વાહનભાડા ખર્ચ – એન્જીનીયરો અને કર્મચારીઓની ફીલ્ડ વીઝીટ નો ખર્ચ વગેરે તેમના એચ.ટી. જોડાણ ના ફાઈનલ બીલ મા આવેલ છે. જે ખરેખર વસુલાત ને પાત્ર ન હોય – તે મુજબ ની રજુઆતે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, સદર અરજદાર નં એરોન સીરામીકસ નામનુ એચ.ટી. જોડાણ : ૨૬૮૬૦, ૪૭૫ કેવીએથી ધરાવે છે. તેઓનુ સદર જોડાણ તા.૦૫–૦૫–૧૦ ના રોજ થી રીલીઝ થયેલ છે. જે મુજબ એચ.ટી.ફાઈનલ બીલ ની દરખાસ્ત મુજબ – પીજીવીસીએલ ની નિગમીત કચેરી દ્રારા તા.૧૬–૧૦–૨૦૧૪ ના રોજ મંજુરી આપવામા આવેલ છે. અરજદાર દ્રારા જીઈઆરસી ના નોટીફિકેશન નો સંદર્ભ નાખવામા આવેલ છે – તેમા સર્વિસ લાઈન ફ્રી આપવાનો ઉલ્લેખ છે. તે મુજબ ડીસ્ટ્રીબ્યુશન મેઈન લાઈન માથી ગ્રાહક ની પ્રીમાઈસીસ ની બહાર જે સર્વિસ લાઈન નાખવાની થાય તે ૩૦ મીટર સુધીનો ફ્રી સર્વિસ લાઈન આપવી. પીજીવીસીએલ ની નિગમીત કચેરી દ્રારા મંજુર કરાયેલ એચ.ટી.ફાઈનલ બીલ ની દરખાસ્ત મુજબ જ – ૩૦ મીટર લાઈન ચાર્જ – સદર અરજદાર પાસેથી વસુલ કરેલ ન હોય – રીફંડ આપવા બાબતે પ્રશ્ન રહેતો નથી. સદર બાબતે – અરજદાર અને પીજીવીસીએલ ના લેખીત સંમતીપત્ર તા.૧૬–૧૨–૧૭ મુજબ – અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ હોય, સદર બાબતે કોઈ ફરીયાદ રહેતી નથી. |
| ૨.૨ | વધુમા અરજદાર દ્રારા – વાહનભાડા ખર્ચ – કર્મચારીઓની ફીલ્ડ વીઝીટ લીધેલ છે. તે રીફંડ કરવા અંગે રજુઆત કરેલ – જે અન્વયે જણાવવાનુ કે – પીજીવીસીએલ ની નિગમીત કચેરીની ફાઈનલ બીલ ની મંજુરી અન્વયે – સદર ચાર્જ અરજદાર પાસેથી વસુલ કરેલ ન હોય – સદર ચાર્જ રીફંડ કરવાનો પ્રશ્ન રહેતો નથી. |

મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને |

| | |
|---|---|
| | પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | • અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ના અનુસંધાને – તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે ની રજુઆત મા જણાવ્યા અન્વયે – અરજદાર નુ મે. એરોન સીરામીકસ નામનુ એચ.ટી. જોડાણ : ૨૬૮૬૦, ૪૭૫ કેવીએથી ધરાવે છે. તેઓનુ સદર જોડાણ તા.૦૫–૦૫–૧૦ ના રોજ થી રીલીઝ થયેલ છે. જેનુ એચ.ટી. જોડાણ નુ ફાઈનલ બીલ – નિગમીત કચેરી દ્રારા તા.૧૬–૧૦–૨૦૧૪ ના રોજ મંજુરી આપવામા આવેલ છે, જે મુજબ – ૩૦ મીટર લાઈન ચાર્જ – સદર અરજદાર પાસેથી વસુલ કરેલ ન હોય – સદર બાબત ની અરજદાર ને જાણકારી આપતા – અરજદાર ના લેખીત સંમતીપત્ર તા.૧૬–૧૨–૧૭ મુજબ – અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ હોય, સદર બાબતે રીફંડ અંગે કોઈ ફરીયાદ રહેતી નથી. |
| ૩.૨ | અરજદાર દ્રારા એચ.ટી. જોડાણ ના ફાઈનલ બીલ મા દર્શાવેલા ખર્ચ જેમકે વાહનભાડા ખર્ચ – અને કર્મચારીઓની ફીલ્ડ વીઝીટ નો ખર્ચ – જે લીધેલ છે તે રીફંડ બાબતે રજુઆત કરેલ– જે બાબતે – નામદાર જીઈઆરસી ના નોટીફિકેશન ૦૯/૨૦૦૫ મુજબ ચેપ્ટર –૦૭ કલોઝ (iv) મા નીચે ની વિગત " The amount deposited by the Applicant shall be subsequently adjusted, on completion of the work on the basis of actual cost plus supervision charges at 15% of the total cost of the materials and labour. " જણાવેલ છે. તે મુજબ એચ.ટી. ફાઈનલ બીલ અન્વયે – કુલ વાસ્તવિક ખર્ચ ઉપર ૧૫% સુપરવિઝન ચાર્જ લઈ શકાય. તેથી વાહનભાડા ખર્ચ – અને કર્મચારીઓની ફીલ્ડ વીઝીટ નો ખર્ચ વસુલ કરી ન શકાય. |
| ૩.૩ | આમ, ઉપરોકત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – ૩૦ મીટર લાઈન ચાર્જ – સદર અરજદાર પાસેથી વસુલ કરેલ ન હોય, અરજદાર ના લેખીત સંમતીપત્ર તા.૧૬–૧૨–૧૭ મુજબ – રીફંડ આપવા બાબતે પ્રશ્ન રહેતો નથી. અને મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે સદર બાબતે જે તે સમયે પીજીવીસીએલ દ્રારા – વાહનભાડા ખર્ચ – અને કર્મચારીઓની ફીલ્ડ વીઝીટ નો ખર્ચ વસુલ કરવામા આવેલ ન હોય, જે નિયમાધીન હોય રીફંડ આપવાનો પ્રશ્ન રહેતો નથી. તે મુજબ ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવા બાબતે નો સદર કેઈસ મા – ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે – અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે, તે મુજબ ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ: જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સંબંધિત હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.